અપીલ અરજી નં.૩૮૬, તા.૪–૩–૦૯

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: (૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૫/૧૧૮૮ ની બાજુમાં ચાલતા નવા બાંધકામ બાબત. રામપુરા મેઈન રોડ પાટીદાર ભવન પાસે ના મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૬/૨૦૦૮–૦૯

શ્રીગુલામભાઈ મેમણની તા.૨–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૫/૧૧૮૮ ની બાજુમાં ચાલતા નવા બાંધકામ બાબત. રામપુરા મેઈન રોડ પાટીદાર ભવન પાસે ના મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૭ તા.૯–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૮૭ તા.૧૮–૩–૦૯ થી અરજદારની આઈ ડી નં.૧૨૫૨ તા.૨–૯–૦૯ની અરજી પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૭૧ તા.૧૦–૨–૦૯ થી ટાઉન પ્લાનર (મધ્યસ્થ શહેર વિકાસ અને જાહેર માહિતી અધિકારી)ને તબદીલ કરેલ એવું જણાવેલ. અને ત્યાર બાદ ત.૨૪–૩–૦૯ ના રોજ તબદીલ કર્યાની નકલ અત્રે પૂરી પાડવામાં આવેલ. જેના સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ને નં.આરટીઆઈ સેલ/૧૨૫૯ તા.૨૧–૩–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.ટીડીઓ/૫૧૫૩ તા.૩૧–૩–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૨–૨–૦૯ ની અરજી સામે તા.૪–૩–૦૯ થી કરેલ અપીલમાં સમય મર્યાદામાં માહિતી નહીં મળ યાની રજુઆત કરવામાં આવેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૪૭૮૦ તા.૨૭–૨–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય મર્યાદામાં માંગ્યા મુજબની ૧ થી ૫ મુદ્દાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેની નકલ અત્રે રજુ કરવામાં આવેલ છે. જે અનુસાર અરજદારને માંગેલ વિગતે નિર્દિષ્ટ મિલ્કતની બાજુની મિલ્કતના બાંધકામ અંગે સર્વે નંબર, બિલ્ટઅપ એરિયા, પાર્કીગ જગ્યા, બાંધકામની વિગત તથા તે પૈકી ગેરકાયદેસર બાંધકામની દફતરી માહિતી પૂરી પડાયેલ જણાય છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન,ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ